

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 348
Dt.: 29-08-2025, Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### જમ્મુમાં વરસાદે ૧૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો

## હિમાચલમાં હજારો મુસાફરો ફસાયા: નેટવર્ક પણ ઠપ થયું

### ચંબાના ભરમૌરમાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ અને લાહૌલમાં પ્રવાસીઓ-ટ્રક ડ્રાઈવરો ફસાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરથી ભારે તબાહી સર્જાઈ છે. જેના કારણે જમ્મુમાં ૧૧૫ વર્ષ જૂનો વરસાદનો રેકોર્ડ તૂટી ગયો છે, જ્યારે હિમાચલના ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં રસ્તાઓ અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓ છેલ્લા ત્રણ દિવસથી બંધ છે. જમ્મુમાં ૨૪ કલાકમાં ૩૮૦ મીમી વરસાદ પડ્યો, જેણે ૧૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો. વર્ષ ૧૯૧૦ પછી આ સૌથી ભારે વરસાદ છે, જેણે ૧૯૮૮ના ૨૭૦.૪ મીમીના રેકોર્ડને પાછળ છોડ્યો છે. તાવી નદી ૩૪ ફૂટ (ખતરાનું નિશાન ૧૪ ફૂટ) અને ચિનાબ નદી ૪૯ ફૂટ (ખતરાનું નિશાન ૩૫ ફૂટ) સુધી ઊછળી. કઠુઆમાં રાવી નદી સિવાય હવે મોટાભાગની નદીઓ ખતરાના નિશાનથી નીચે છે. હિમાચલમાં ચંબા, લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં ત્રણ દિવસથી રસ્તાઓ અને ફોન નેટવર્ક બંધ છે. બિયાસ નદીમાં પૂર આવવાથી રસ્તાઓ અને પુલ ધોવાઈ ગયા છે. ચંબાના ભરમૌરમાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ અને લાહૌલમાં પ્રવાસીઓ-ટ્રક ડ્રાઈવરો ફસાયા છે. કટરામાં માતા વૈષ્ણોદેવીની યાત્રા અટકાવી દેવાઈ છે. જમ્મુ કાશ્મીરમાં કિશ્તવાડ, ડોડા અને કટરામાં વાદળ ફાટવાથી ભારે તબાહી થઈ. ઉધમપુરમાં ૧૨ કલાકમાં ૫૪૦ મીમી વરસાદ પડ્યો, જેણે બધા રેકોર્ડ તોડ્યા. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ જખેની અને ચેના ક્ષતિગ્રસ્ત થવાથી બંધ છે. સિન્થન રોડ પણ બંધ છે, જ્યારે મુગલ રોડ પર સાવચેતી સાથે વાહનવ્યવહાર ચાલુ છે. ભારતીય સેના, **NDRF, SDRF, CRPF,** પોલીસ અને સ્થાનિક લોકો રાહત કાર્યોમાં લાગેલા છે. લગભગ ૪૦૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. તેમજ ફસાયેલા પ્રવાસીઓ માટે જમ્મુથી દિલ્હી માટે ૨૮મી ઑગસ્ટના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે એક વિશેષ ટ્રેન ચલાવવામાં આવી. હવામાન વિભાગે ૨૯મી ઑગસ્ટથી ૪થી સપ્ટેમ્બર સુધી ઉત્તર ભારતમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. કાશ્મીરમાં પૂરનો ખતરો ઓછો છે, પરંતુ જમ્મુમાં સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ કોઈપણ કટોકટીની સ્થિતિમાં હેલ્પલાઈન ૧૧૨ ડાયલ કરી શકો છો.

### ટ્રમ્પ-પુતિનને મોટો ઝટકો

## ચીને પરમાણુ કાર્યક્રમ મુદ્દે અમેરિકા-રશિયા સાથે વાતચીતનો કર્યો ઈનકાર

### ચીને જણાવ્યું કે, તે અમેરિકા અને રશિયા સાથે પરમાણુ નિઃશસ્ત્રીકરણ બેઠકમાં સામેલ થશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ભારતની સાથે ટેરિફ વિવાદ વચ્ચે અમેરિકાને ચીને મોટો ઝટકો આપ્યો છે. ચીને પરમાણુ અપ્રસાર (ન્યૂક્લિયર નોન-પ્રોલિફરેશન) પર ચર્ચા કરવા અમેરિકા અને રશિયા સાથે બેઠક કરવાનો ઈનકાર કરી દીધો છે. ચીને જણાવ્યું કે, તે અમેરિકા અને રશિયા સાથે પરમાણુ નિઃશસ્ત્રીકરણ બેઠકમાં સામેલ થશે નહીં. પરમાણુ અપ્રસાર સંધિ હેઠળ યોજાનારી ત્રિપક્ષીય બેઠકની અપીલને ચીને ફગાવી દીધી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને જણાવ્યું કે, ચીન પાસે ત્રિપક્ષીય બેઠકમાં સામેલ થવાની અપેક્ષા તર્કસંગત નથી, તેમજ વ્યવહારુ પણ નથી. કારણકે, ત્રણેય દેશોની પરમાણુ ક્ષમતા અસમાન છે. ઉલ્લેખનીય છે કે, ચીન, રશિયા અને અમેરિકા વચ્ચે ૧૯૬૮માં પરમાણુ અપ્રસાર સંધિ થઈ હતી. રશિયા, ચીન અને અમેરિકા વચ્ચે લગભગ પાંચ દાયકા પહેલાં ૧૯૬૮માં પરમાણુ અપ્રસાર સંધિ થઈ હતી. જેનો ઉદ્દેશ પરમાણુ હથિયારનો પ્રસાર રોકવા, તેના નિઃશસ્ત્રીકરણને પ્રોત્સાહન આપવા તેમજ પરમાણુ ઉર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ સંધિ હેઠળ દર પાંચ વર્ષે ત્રણેય દેશ વચ્ચે રિવ્યૂ કોન્ફરન્સ થાય છે. જે ૨૦૨૫માં થવાની સંભાવના હતી. પરંતુ ચીને તેમાં ભાગ લેવાની ના પડતાં આ કોન્ફરન્સની અટકળો પર પૂર્ણ વિરામ મૂકાયો છે.રશિયા અને અમેરિકા વચ્ચે તણાવનો માહોલ છે, ૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રશિયા એક જાહેરાતના માધ્યમથી વર્ષ ૧૯૮૭થી લાગુ ઈન્ટરમીડિએટ રેન્જ ન્યૂક્લિયર ફોર્સિસ સંધિમાંથી બહાર થયુ હતું. આ સંધિ હેઠળ ૫૦૦થી ૫૫૦૦ કિમી રેન્જ ધરાવતી મિસાઈલ બોર્ડર એરિયામાં તૈનાત કરવા પર રોક હતી. અમેરિકાએ યુક્રેન સાથે યુદ્ધ રોકવા રશિયા પર ટેરિફ સહિત અનેક આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. જેથી રશિયાએ આ સંધિમાંથી અલગ થવાનો નિર્ણય લીધો. બીજી બાજુ ચીન અને અમેરિકા વચ્ચે પણ ટેરિફ અને પરમાણુ વિસ્તાર મામલે તણાવ સર્જાયો છે. ૨૦૨૪માં સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના રિપોર્ટમાં દર્શાવ્યું હતું કે, ચીન પરમાણુ હથિયારના ઉત્પાદન વધારી રહ્યું છે. જાન્યુઆરી, ૨૦૨૩માં ચીન પાસે ૪૧૦ પરમાણુ હથિયાર હતા, જે ૨૦૨૪માં વધી ૫૦૦ થયા છે. ચીને ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ પર પણ ફોકસ વધાર્યું છે. અમેરિકાએ પરમાણુ ક્ષેત્રે પોતાની વ્યૂહનીતિમાં અનેક ફેરફાર પણ ત્રણેય દેશો વચ્ચેના તણાવનું એક કારણ છે. અમેરિકાએ ૨૦૨૪માં ન્યૂક્લિયર એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સમાં ફેરફાર કર્યા હતા. જે હેઠળ રશિયા, ચીન અને નોર્થ કોરિયા સાથે સંભવિત પરમાણુ યુદ્ધ પર વિશેષ નિર્દેશ આપ્યા હતા. યુદ્ધની તૈયારી કરવા પણ આદેશ આપ્યો હતો. ચીનના વધતા પરમાણુ કાર્યક્રમથી અમેરિકા ચિંતિત છે. વધુમાં ચીન અને રશિયા વચ્ચે ભાગીદારી વધી રહી છે. જે અમેરિકાને ખૂંચી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચીન અને રશિયાએ પોતાની સેના અને પડોશી દેશ સાથે વેપાર સંબંધો મજબૂત બનાવ્યા છે. જુલાઈ, ૨૦૨૫માં જાપાનના સમુદ્રમાં ત્રણેય દેશોની જોઈન્ટ નેવી પ્રેક્ટિસ પણ થઈ હતી. જેનાથી અમેરિકાની ચિંતા વધી છે.


### રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

## રાહુલની વોટર અધિકાર યાત્રા વચ્ચે બિહારમાં ૩ આતંકી ઘૂસ્યાનો દાવો: પોલીસે શેર કરી તસવીર

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા વચ્ચે બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી ઘૂસ્યા હોવાના અહેવાલ છે. બિહાર પોલીસ હેડક્વાર્ટરે નેપાળ મારફત બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી ઘૂસ્યા હોવાનું જણાવ્યું છે. જેના લીધે રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહાર હેડક્વાર્ટરે જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકી હસનૈન અલી, આદિલ હુસૈન, મોહમ્મદ ઉસ્માન નેપાળના માર્ગેથી બિહારમાં ઘૂસ્યા છે. તેઓ મોટો હુમલો કરવાનો ઈરાદો ધરાવતા હોવાની આશંકા છે. રાજ્યમાં સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરવામાં આવ્યો છે. તેમજ જિલ્લા સરહદો પર સ્પેશિયલ વિજિલન્સ પણ ગોઠવવામાં આવ્યા છે. જૈશ-એ-મોહમ્મદના આ ત્રણ આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા છે. રિપોર્ટ અનુસાર, હસનૈન અલી રાવલપીંડીનો રહેવાસી છે. જ્યારે આદિલ હુસૈન ઉમરકોટ અને મોહમ્મદ ઉસ્માન બહવલપુરના રહેવાસી છે. ત્રણ આતંકીના પાસપોર્ટ સંબંધિત માહિતી પણ રજૂ કરવામાં આવી છે. આ આતંકીઓ ઓગસ્ટના બીજા સપ્તાહમાં કાઠમાંડુ પહોંચ્યા હતા. બાદમાં ત્રીજા સપ્તાહે નેપાળ સરહદ પરથી બિહારમાં ઘૂસ્યા હતા.

બિહારમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં આતંકી ગતિવિધિઓને અંજામ આપવાનું ષડયંત્ર હોવાની આશંકા છે. બિહારના ભાગલપુર આસપાસના જિલ્લા અરરિયા, કિશનગંજ, અને સુપૌલ નેપાળની સરહદ પર સ્થિત છે. મધુબની, સીતામઢી, પૂર્વીય ચંપારણ અને પશ્ચિમ ચંપારણ પણ સરહદ પર સ્થિત જિલ્લા છે. આ જિલ્લાઓમાં હાઈ એલર્ટ સાથે સર્ચ ઓપરેશન હાથ ધરાયુ છે.




## કેન્દ્ર સરકારની દલીલ: બિલ પર રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નિર્ણય વિરુદ્ધ કોર્ટમાં અરજી ના કરી શકે રાજ્ય સરકાર

### બંધારણીય બેન્ચમાં જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ પીએસ નરસિમ્હા, જસ્ટિસ એએસ ચંદુરકર સામેલ હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, રાજ્ય સરકારો એ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી ન કરી શકે જે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો પર લીધો હોય, ભલે રાજ્ય એમ કહે કે તેનાથી લોકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે. કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચીફ જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતા વાળી પાંચ જજોની બંધારણીય બેન્ચ સમક્ષ આ વાત કહી. બંધારણીય બેન્ચમાં જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ એએસ ચંદુરકર પણ સામેલ હતા. મહેતાએ કહ્યું કે, રાષ્ટ્રપતિ એ બાબત પર સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવા માંગે છે કે શું રાજ્ય સરકારો બંધારણની કલમ ૩૨ હેઠળ આવી અરજીઓ દાખલ કરી શકે છે? તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ એ પણ જાણવા માંગે છે કે, બંધારણની કલમ ૩૬૧નો દાયરો શું છે. આ આર્ટિકલ કહે છે કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ પોતાની સત્તાઓ અને ફરજોના નિર્વાહ માટે કોઈપણ કોર્ટ પ્રત્યે જવાબદાર રહેશે નહીં. મહેતાએ બંધારણીય બેંચને જણાવ્યું કે, આ સવાલો પર અગાઉ પણ ચર્ચા થઈ ચૂકી છે. પરંતુ રાષ્ટ્રપતિનો મત છે કે કોર્ટનો સ્પષ્ટ અભિપ્રાય જરૂરી છે, કારણ કે ભવિષ્યમાં આવો મામલો ફરી ઉઠી શકે છે. તેમણે કહ્યું કે, કલમ ૩૨ હેઠળ રાજ્ય સરકાર વતી રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નિર્ણયોને પડકારતી અરજી સ્વીકારી શકાતી નથી. આવા કેસોમાં કોર્ટ નઈ તો નિર્દેશ આપી શકે છે અને ન તો આ નિર્ણયોને કોર્ટમાં પડકારી શકાય છે. તેમણે આગળ કહ્યું કે, કલમ ૩૨નો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. પરંતુ બંધારણીય માળખામાં રાજ્ય સરકાર પોતે મૂળભૂત અધિકારો ધરાવતી નથી. રાજ્ય સરકારની ભૂમિકા પોતાના નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની છે. સોલિસિટર જનરલે ૮ એપ્રિલના એ નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો રાજ્યપાલ સમય મર્યાદામાં બિલો પર નિર્ણય નહીં લે, તો રાજ્ય સીધું સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે. આના પર સીજેઆઈ ગવઈએ કહ્યું કે, હું ૮ એપ્રિલના બે જજોના નિર્ણય પર કોઈ ટિપ્પણી નહીં કરીશ, પરંતુ એમ પણ કહ્યું કે રાજ્યપાલ દ્વારા કોઈ પણ બિલને છ મહિના સુધી પેન્ડિંગ રાખવું યોગ્ય નથી. મહેતાએ જવાબમાં કહ્યું કે જો કોઈ બંધારણીય સંસ્થા પોતાની ફરજોનું પાલન નથી કરતી, તો તેનો અર્થ એ નથી કે કોર્ટ બીજી બંધારણીય સંસ્થાને આદેશ આપી દે. તેના પર **CJI** એ કહ્યું કે, હા અમે સમજીએ છીએ કે તમે શું કહી રહ્યા છો. પરંતુ જો આ કોર્ટ પોતે જ ૧૦ વર્ષ સુધી કોઈ કેસનો ઉકેલ ન લાવે, તો શું રાષ્ટ્રપતિને કોઈ આદેશ આપવાનો અધિકાર રહેશે? સુનાવણી હજુ પણ ચાલુ છે. ૨૬ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, જો રાજ્યપાલ કોઈ બિલ પર અનિશ્ચિત સમય સુધી નિર્ણય ન લે, તો શું કોર્ટ પાસે કોઈ ઉપાય નહીં રહેશે? શું બજેટ જેવા મહત્વપૂર્ણ બિલ પણ રાજ્યપાલની સ્વતંત્ર સત્તાને કારણે અટકી શકે છે? સુપ્રીમ કોર્ટે આ સવાલ ત્યારે ઉઠાવ્યો જ્યારે કેટલાક ભાજપ શાસિત રાજ્યોએ કહ્યું કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને બિલ પર નિર્ણય લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. આ રાજ્યોએ એમ પણ કહ્યું હતું કે કોર્ટ દરેક સમસ્યાનો ઉકેલ ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટ હાલમાં રાષ્ટ્રપતિ તરફથી એક બંધારણીય સંદર્ભ પર સુનાવણી કરી રહી છે જેમાં પૂછવામાં આવ્યું છે કે, શું કોર્ટ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને એ નિર્દેશ આપી શકે કે, તેઓ ધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો પર નિશ્ચિત સમયમર્યાદામાં નિર્ણય લઈ લે? મે મહિનામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કલમ ૧૪૩ (૧) હેઠળ સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો કે, શું કોર્ટ રાષ્ટ્રપતિને નિર્દેશ આપી શકે કે, કે રાજ્ય વિધાનસભાથી આવેલા બિલો પર ક્યારે અને કેવી રીતે નિર્ણય લે.

**પશ્ચિમ રેલવે અસારવા ⇌ કાનપુર સેન્ટ્રલ વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નંબર | ઓરિજિનેટિંગ સ્ટેશન અને ડેસ્ટિનેશન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 01906 | અસારવા - કાનપુર સેન્ટ્રલ | 23/09/2025 થી 04/11/2025 | 09:15 કલાકે (મંગળવાર) | 07:00 કલાકે (આગામી દિવસ) |
| 01905 | કાનપુર સેન્ટ્રલ - અસારવા | 22/09/2025 થી 03/11/2025 | 08:15 કલાકે (સોમવાર) | 05:45 કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** હિંમત નગર, ડુંગરપુર, ઝવેર, ઉદયપુર શહેર, માવલી, ચંદેરિયા, માંડલગઢ, બુંદી, કેશોરાઇ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ફતેહપુર સિકરી, ઈદગાહ, ટુંડલા, ફિરોઝાબાદ અને ઈટાવા સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

**સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.**

**ટ્રેન નંબર 01906** માટે બુકિંગ **30/08/2025** થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly
instagram.com/WesternRly

**કૃપા કરીને બધી આરક્ષિત ટિકીટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.**

